# જપો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભાવથી

જપો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભાવથી,
ભજો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભાવથી,
'સ્વામિનારાયણ' મહામંત્રના ગાનથી,
થાશે સઘળાં દૂર વિકાર ભજો ભાવથી...
જપો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... 0

ખટપટ નિંદા કરાવે વેર, એને સમજો મોટું ઝેર,
ચેતો ચેતો માથાકૂટ ભાવફેરથી...
જપો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... 0

ગુરુઆજ્ઞા પર વિશ્વાસ, મૂકો સઘળું એની પાસ,
દૂર કરશે એ માન અભિમાનથી...
જપો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... 0

પ્રભુ પ્રગટ કર્તા-હર્તા, એમાં રાખો અતૂટ શ્રદ્ધા,
ગુરુ સ્મૃતિ સાથે નામ જાપથી...
જપો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... 0

રચયિતા : ડૉ. સ્મિતાબેન (USA)